# વાસ્તવિકતા જાણો

## પ્રિય રોકાણકાર,

વર્ષોથી નૅશનલ સ્ટોક એક્સચેંજ (NSE) દેશના લગભગ બધા જ પ્રાંતમાં સિક્યોરિટીઝમાં ઑન-લાઈન ટ્રેડિંગ સેવા પૂરી પાડી તમારી વધુ નજીક આવવા પ્રયત્ન કરે છે. અનુભવો આધારે ગ્રાહકોના હિતની રક્ષાના પ્રયાસ રૂપે અમે તમારી સાથે લેતી-દેતી માટેની કેટલીક સારી અનુસરવા યોગ્ય પદ્ધતિઓ વિશેની માહિતી આપવા માગીએ છીએ. આ માર્ગદર્શિકા તમારી ફરિયાદો ઓછી કરી એક્સચેંજ પર કરાતા સોદા માટે NSE દ્વારા સ્થાપિત કરાયેલા ઈન્વેસ્ટર પ્રોટેક્શન ફંડ અંતર્ગત સુરક્ષા પૂરી પાડશે.

## એનએસઈ પર ટ્રેડિંગ માટેની સુરક્ષા માર્ગદર્શિકા

સિક્યોરિટીઝની લે-વેચ માત્ર સેબીમાં રજિસ્ટર્ડ થયેલા NSE ના બ્રોકરો અથવા તેમના માન્ય સેબી રજિસ્ટર્ડ સબ-બ્રોકરો દ્વારા જ કરો. દરેક NSE બ્રોકરો અને તેના સબ-બ્રોકરોએ તેઓ જે પણ સ્થળેથી ટ્રેડિંગ સુવિધા પૂરી પાડતા હોય ત્યાં તેમનું સેબી રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ ઉપરાંત તેમની રજિસ્ટર્ડ ઑફિસનું સરનામું, તેમનું સેબી રજિસ્ટ્રેશન નામ ઈત્યાદિ દર્શાવવું જરૂરી છે. તમે જયારે પણ NSE બ્રોકર હોવાનો દાવો કરતી કોઈ વ્યક્તિને મળો ત્યારે આ વિગતો ધ્યાનથી જોઈ ખાતરી કરી લો.



તમે ''તમારા ગ્રાહકને ઓળખો'' ફોર્મમાં તમારી બધી જ વિગતો આપી હોય એ ખાતરી કરો અને પછી જ ''ક્લાયંટ-બ્રોકર'' એગ્રીમેન્ટ પર સહી કરો.



યાદ રાખો, તમે શૅર્સ ખરીદવા કે વેચવાનો ઑર્ડર આપો છો ત્યારે એક વિશેષ ઑર્ડર નંબર આપવામાં આવે છે અને જયારે તે સોદા (ટ્રેડ)માં પરિણમે ત્યારે પ્રત્યેક સોદા માટે એક અનોખો ટ્રેડ નંબર આપવામાં આવે છે. કૉન્ટ્રાક્ટ નોટમાં આ નંબરો જણાવ્યા હોય તે ખાતરી કરી લો. કૃપા કરી આ નંબરો કાળજીપૂર્વક નોંધી લો.



તમારા બ્રોકર પાસેથી તમને સોદાના ૨૪ કલાકમાં કૉન્ટ્રાક્ટ નોટ મળે તે ખાતરી કરી લો.

ટ્રાન્ઝેક્શનની અસલીયત ચકાસવા NSE વેબસાઈટ પર લૉગ ઈન કરી NSE દ્વારા રજૂ કરાયેલી ટ્રેડ વેરિફિકેશન સુવિધા URL: http://www.nseindia.com/content/equities/eq_trdverify.htm પર જાઓ. તમને તમારા બ્રોકરે આપેલી કૉન્ટ્રાક્ટ નોટમાં ઉપલબ્ધ માહિતી તેમાં ભરો. આ સુવિધા બધા જ ટ્રાન્ઝેક્શનની અસલિયત ચકાસશે અને તે સોદાની તારીખથી ૫ દિવસ સુધી ઉપલબ્ધ રહે છે.



તમારી જવાબદારી પૂર્ણ કરવા તમારા બ્રોકરને શૅર્સ ડિલીવરી કરતી વખતે ડિલીવરી ઈન્સ્ટ્રક્શન્સ માત્ર તમારા બ્રોકરના નિયુક્ત અકાઉન્ટમાં જ કરી હોય તે ખાતરી કરી લો. તમે કરેલી ખરીદીની ચુકવણીરૂપે તમારે તમારા બ્રોકરને નાણા ચુકવવાના હોય તો એ ખાતરી કરી લો કે તમે આ ચુકવણી માત્ર તમારા પોતાના બૅન્ક અકાઉન્ટના અકાઉન્ટ પેઈ ચેક દ્વારા જ કરો અને તે કૉન્ટ્રાક્ટ નોટ/સેબી રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ જે બ્રોકરની પ્રીમાઈસીસમાં દર્શાવ્યું હોય તેમાં જણાવેલા તમારા બ્રોકરના નામનો જ લખવો જોઈએ.



રોકડેથી ચુકવણી કરવાનું ટાળો કેમ કે તેની કોઈ ઑડિટ ટ્રેઈલ ન પણ થઈ શકે. કોઈપણ કિસ્સામાં, જો આ રકમ રૂા. ૨૦,૦૦૦થી વધુ હોય તો તમારે ચેક મારફત જ ચુકવણી કરવી જોઈએ.

કૃપા કરી ખાતરી કરી લો કે સોદા માટે તમારા બ્રોકર પાસેથી પેમેન્ટ/ડિલીવરી તમે પેઆઉટની તારીખથી એક કાર્યકારી દિવસની અંદર મેળવી લો.

બ્રોકર પાસેથી તમને વારંવાર નહીં તો ઓછામાં ઓછા ૬ મહિનામાં એકવાર તમારું સ્ટેટમેંટ ઑફ અકાઉન્ટ મળવું જોઈએ. પરંતુ યાદ રાખો, તમારું અકાઉન્ટ તમે તરત જ ચકાસો અને મેળવી લો એ ઘણું મહત્વનું છે. એ સુનિશ્ચિત કરી લો કે તમે તમારા નામે સોદા ન કરો અને પછી તમારા પરિવારના સભ્યો/મિત્રોના બૅન્ક અકાઉન્ટમાંથી ચેક આપ્યા હોય. એ જ રીતે ડીમેટ ડિલીવરી ઈન્સ્ટ્રક્શન સ્લિપ પણ તમારા પોતાના જ ડીમેટ અકાઉન્ટની હોવી જોઈએ નહીં કે પરિવારના અન્ય સભ્ય ઈત્યાદિના અકાઉન્ટની.



કૉન્ટ્રાક્ટ નોટ ઈત્યાદિમાં કોઈ વિસંગતિ હોય તો કૃપા કરી તરત જ બ્રોકરના ધ્યાનમાં લાવો અને તે તરત સુધારવામાં આવે તે ખાતરી કરો.

જો તમારા બ્રોકર ઉચિત સમયમાં તમારી ફરિયાદનું સમાધાન ન કરે (જેમ કે ૧૫ દિવસમાં) તો તે એક્સચેંજના 'ધ ઈન્વેસ્ટર ગ્રીવાન્સિસ સેલ'ના ધ્યાનમાં લાવો. ફરિયાદનું ફોર્મેટ મેળવવા અને NSE માં તે ફાઈલ કરવાની પ્રક્રિયા વિશે જાણવા તમે NSE ની વેબસાઈટ પર URL: www.nseindia.com/content/assist/asst_invcentre.htm ની મુલાકાત લઈ શકો છો.





એક્સચેંજના ઈન્વેસ્ટર ગ્રીવાન્સિસ સેલમાં ફરિયાદ નોંધાવતી વખતે એ ઘણું મહત્વનું છે કે તમે કૉન્ટ્રાક્ટ નોટ, ચુકવણી/શૅર્સની ડિલીવરી ઈત્યાદિના પુરાવાની પ્રત તમારી ફરિયાદ સાથે જોડો. યાદ રાખો, પૂરતા પુરાવા ન મળવા પર ફરિયાદનું સમાધાન કરવું મુશ્કેલ બને છે.

***આ માર્ગદર્શિકા તમારા ફાયદા માટે છે.***
***કૃપા કરી ખાતરી કરી લો કે આ જાહેરાતની એક પ્રત તમે તમારા રેકૉર્ડ માટે રાખો.***


**નૅશનલ સ્ટૉક એક્સચેંજ ઑફ ઈન્ડિયા લિમિટેડ**
''એક્સચેંજ પ્લાઝા'', વાંદ્રા-કુર્લા કૉમ્પ્લેક્સ, વાંદ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૫૧.
ફોન : ૯૧-૨૨-૨૬૫૯૮૧૦૦-૮૧૧૪. ફૅક્સ : ૯૧-૨૨-૨૬૫૯૮૧૨૦. ઈ-મેલ : cc_nse@nse.co.in
કૃપા કરી અમારી વેબસાઈટની મુલાકાત કરો : www.nseindia.com


એનએસઈ દ્વારા જનહિતમાં પ્રકાશિત.

A B and U-gf